# સેવા મંડળીના ક્લાર્ક ગેરહાજર રહેતા ખાતર લેવા આવેલા ખેડૂતો રઝળી પડ્યા

## કડકડતી ઠંડીમાં ઠરી કલાકો સુધી લાઈનમાં ઉભા રહેલા ખેડૂતો ખાલી હાથે ગયા

તલોદ, તા. ૧૭

રાસાયણિક ખાતર મેળવવા પ્રત્યેક વર્ષે રવિ સિઝનમાં ખેડૂતો ભારે યાતનાનો ભોગ બનતા હોય છે. ખાતરના વેચાણ કેન્દ્રો પર ગાત્રો થીજાવતી કડકડતી ઠંડીમાંય ખેડૂતો વહેલી સવારથી પરિવાર સાથે ઉમટી પડતા હોય છે. પરંતુ જ્યારે ખાતર મળતું નથી ત્યારે ભારે આપદાનો ભોગ બનતા તેઓ આક્રમક બની જતા હોય છે. આવું જ કંઈક આજે ઉત્તરાયણના તહેવારને આગલે દિવસે તલોદ માર્કેટ યાર્ડ કેમ્પસમાં આવેલ સેવા મંડળીના ગોડાઉન પર જોવા મળ્યું. ઠુંઠવાતા-ઠુંઠવાતા વહેલી સવારથી અહિં સેંકડો ખેડૂત ભાઈ-બહેનો એક-એક થેલી ખાતર માટે ઉમટી પડ્યા હતા અને કલાકો બાદ મંડળીએ 'બિલ ક્લાર્ક હાજર ન હોવાથી ખાતરનું વેચાણ બંધ છે.' તેવું બોર્ડ લગાવતાં ટાઢમાં થરથરતા ખેડૂતોના ટોળામાં નિસાસાભર્યો પણ આક્રમક ગરમાવો આવી ગયો હતો. જેને પારખી જઈ મંડળીનો સ્ટાફ સહજભાવે સલામતી ખાતર ઓફિસ બંધ કરી અન્યત્ર ચાલ્યો ગયો હતો.

ખેત પેદાશોની આ સિઝનમાં દરેક વર્ષે રાસાયણિક ખાતરની થેલીઓનો કકળાટ પેદા થાય છે. ખાતરની તંગી અને તેનો વધુ પડતો વપરાશ ખેડૂતોને ત્રાહિમામ બનાવી મુકે છે. યુરિયા ખાતરના થતા વિપુલ વપરાશોને ધ્યાનમાં રાખી ખાતર ઉત્પાદન કરતી કંપનીઓ કે ખાતર



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

વેચાણ કરનાર સંસ્થાઓ પર્યાપ્ત માત્રામાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ કેમ નથી કરી શકતા ? તેવો સવાલ સર્વત્ર ચર્ચામાં રહ્યો છે. પરંતુ કોઈના પેટનું પાણી પણ હાલતુ નથી.

આજે તલોદ માર્કેટ યાર્ડ કેમ્પસમાં આવેલ ધી તલોદ ગૃપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીના ગોડાઉન ઉપર સવારના ૫-૬ વાગ્યાથી અંધકાર અને કાતિલ ઠંડીના માહોલમાં સેંકડો ખેડૂતો ઉમટી પડ્યા હતા અને કતારોમાં ગોઠવાઈ ગયા હતા. એક એક ખાતરની થેલી માટે વલખા મારતા ૫૦૦થી વધુ ખેડૂતભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. અને ગોડાઉનનું શટર ખુલવાની આતુરતામાં ઉભા હતા ત્યારે જ સેવા મંડળીના કર્મચારીએ આવીને આજે બિલ ક્લાર્ક નહી હોવાથી ખાતરનું વેચાણ બંધ છે તેવું બોર્ડ લગાવી દેતા ખેડૂતોની માંગણી અને લાગણીને ઠેસ પહોંચતા તેઓ આમ આક્રમક બન્યા હતા. મંડળીમાં ખાતરની ૨૦૦ થેલી સ્ટોક હોવાથી ૨૦૦ વ્યક્તિ સિવાયના બાકીના ખેડૂતોને ખાતર નહી મળે અને તકરાર પેદા થાય તેવી સ્થિતિની સંભાવનાઓ સેવાઈ રહી હતી જેથી બુધવાર આસપાસ ખાતરનું વેચાણ કરવા મંડળી સત્તાધિશોએ નિર્ણય કર્યો હતો અને આજે સવારથી જ વેચાણ બંધ રાખ્યું હતું.

# બોર્ડ પરીક્ષાના આયોજન માટે આજે સામાન્ય સભા

અમદાવાદ, તા.૧૭

બે દાયકા બાદ ૨૪ સભ્યોની માંગને પગલે બોર્ડ બેઠક બોલાવી : અનેકવિધ પગલાની સમીક્ષા-પરીક્ષા કેન્દ્રોની ફાળવણી-સ્કવોર્ડની રચના થશે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિના બીજા સપ્તાહમાં ધોરણ-૧૨ની પરીક્ષા યોજવામાં આવી છે. ૨૦૧૪ માર્ચ માસમાં લેવાનારી બોર્ડની પરીક્ષાના આયોજન માટે શનિવારે પ્રથમવાર ખાસ સામાન્ય સભા મળી રહી છે.

દર વર્ષે શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિ ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાલક્ષી આયોજન કરતું હોય છે પરંતુ આ વર્ષનું શિક્ષણ બોર્ડના ૨૪ સભ્યોને પત્ર પાઠવીને પરીક્ષાલક્ષી આયોજન માટે ખાસ સામાન્ય સભા બોલાવવા માંગણી કરી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા સંબંધે પરીક્ષા કેન્દ્રોની ફાળવણી, પરીક્ષા કેન્દ્રોની સુવિધા લાયકાતવાળા સુપરવાઈઝરો, પેપર નિરીક્ષકો ચેકીંગ સ્કવોર્ડ સહિતની બાબતોનો માસ્ટર પ્લાન ઘડાશે. ધોરણ ૧૦માં સમગ્ર ગુજરાત રાજ્યમાં કુલ ૧૧ લાખ અને ધોરણ-૧૨ વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહમાં ૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

પાલનપુરમાં ટ્રાફિક બ્રિગેડના જવાન પર બુટલેગરે કરેલા હૂમલા પ્રકરણમાં

# પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના ચાર પોલીસકર્મીઓની બદલી

## બુટલેગર સામે નોંધાઈ વધુ એક પોલીસ ફરીયાદ

પાલનપુર, તા. ૧૭

પાલનપુર શહેરમાં હપ્તાહના હડમાલામાં વ્યસ્ત પોલીસના રાજમાં બુટલેગરો માથું ઉંચકી રહ્યા છે. જેની પ્રતિતી કરાવતા એક બનાવમાં ટ્રાફિક બ્રિગેડના એક જવાન પર બુટલેગરે કરેલા હૂમલાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સીંધી કોલોનીના રહીશોને બુટલેગરના વધતા જતા રંજાડ અને સ્થાનિક પોલીસની સાંઠગાંઠ અંગે કરેલી અસરકારક રજુઆતને પગલે જિલ્લા પોલીસ વડાએ આ પ્રકરણમાં કસુરવાર મનાતા પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના ચાર પોલીસકર્મીઓની તત્કાળ બદલી કરવાના આદેશ જારી કરતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેરના સીંધી કોલોની વિસ્તારમાં પોલીસની છત્રછાયા તળે વર્ષોથી દારૂનો વેપલો કરતા બુટલેગરે ટ્રાફિક બ્રિગેડ પર કરેલા હીચકારા હુમલા બાદ સીંધી કોલોનીના રહીશો પણ બહાર આવ્યા હતા. જેઓએ એસ.પી. અશોકકુમાર યાદવ સમક્ષ કડવી વાસ્તવિકતા બયાન કરતા ખુદ પોલીસ વડા પણ ચોંકી ઉઠ્યા હતા. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિ સામે ખુદ પોલીસકર્મીઓ સામે જ શંકાની સોંય તકાતા જિલ્લા પોલીસવડાએ ડેમેજ કંટ્રોલ કવાયતના ભાગરૂપે પાલનપુર શહેરના પૂર્વ પોલીસ સ્ટેશનમાં ડી-સ્ટાફમાં ફરજ બજાવતા ચાર પોલીસકર્મીઓ (૧) અમરતલાલ અંબાલાલની માવસરી (૨) રણજીતસિંહ શિવાજીની સુઈગામ



(૩) રઘુવીરસિંહ રણજીતસિંહની હડાદ અને (૪) કીરીટ અમ તલાલની વાવ પોલીસ સ્ટેશન ખાતે તત્કાળ બદલી કરવાનો આદેશ જારી કર્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે. જેને પગલે બુટલેગરો સાથે સાંઠગાંઠ ધરાવતા વહીવટદાર પોલીસકર્મીઓમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

દરમિયાન, આ પ્રકરણમાં બુટલેગર હીતેશ ઠાકોર સામે વધુ એક પોલીસ ફરીયાદ નોંધાઈ છે. જેમાં ભરત મુળચંદભાઈ ખત્રીએ ફરીયાદીના મોબાઈલ નં. ૮૮૬૬૯૮૪૪૯૮ પર તહોમતદાર હીતેશ ઠાકોરે મો. નં. ૯૯૦૯૦૫૬૦૦૭ પરથી ફોન કરી 'તું પોલીસનો બાતમીદાર છે તેમ કહી મા-બેન સામે અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. વડુકરે હાથ ધરી છે. જો કે, મોડી સાંજે મળતા અહેવાલ મુજબ ગતરોજ બુટલેગર અને તેના સાગરીતો સામે નોંધાયેલી ફરીયાદના ગુનામાં પોલીસે એક આરોપીની અટકાયત કરી છે.

# ચોરીના વાહનોના સ્પેરપાટો વેચનારની અંતે ધરપકડ


અમદાવાદ, તા.૧૭

નદી પારના પોશ વિસ્તારોમાંથી છેલ્લા દોઢ વર્ષ દરમ્યાન સંખ્યાબંધ ટુ વ્હીલર વાહનોની ચોરીઓ કરીને વાહનોને કટર મશીન વડે સ્પેરપાટો કાપી નાંખી ભંગારમાં વેચી દેનાર વાહનચોરની અંતે ક્રાઈમબ્રાચે ધરપકડ કરી છે. આરોપી પાસેથી ચોરીના ચાર વાહનો તથા ટુ વ્હીલરના અલગ અલગ સ્પેરપાટોના જથ્થાને પણ કબ્જે કરાયા છે. ક્રાઈમબ્રાન્ચની ટીમે બાતમીના આધારે દાણીલીમડા સરકારી ગોડાઉન સામે આવેલ કિન્નરી એપાર્ટમેન્ટમાં રહેતા રીયાજુદ્દીન ઉર્ફે રાજુ સરફુદીન દાદુમીયા શેખને ચોરીના કુલ મુદ્દામાલ રૂા. ૮૬,૯૩૦ સાથે ઝડપી પાડવામાં સફળતા મળી છે. આરોપી અગાઉ કપાડી માર્કેટમાં ગાડીના હેડ બનાવવાની મજુરી કામ કરતો હતો. પરંતુ ઘરની આર્થિક તંગી અને કામ બરાબર મળતું ન હોવાના કારણે તેણે ૨૦૦૪માં સેટેલીટ વિસ્તારમાંથી એક કાયનેટીકની ચોરી કરી હતી. ત્યારબાદ લાંબા સમયગાળા સુધી તેણે ચોરી કરી નહોતી અને આજથી દોઢ વર્ષ પહેલા ફરી તેણે શહેરના એલીસબ્રીજ, ધરણીધર, સેટેલાઈટ, એસજી હાઈવે, કાલુપુર, જોધપુર જેવા વિસ્તારમાંથી તેણે અલગ અલગ વાહનોની ચોરી કરી હતી. વાહનોની માસ્ટર ચાવીથી લોક ખોલી ચોરી કર્યા બાદ તે વાહનને પોતાના ફલેટના કમ્પાઉન્ડમાં લાવીને બે દિવસ બાદ કટર મશીન વડે સ્પેરપાર્ટ જુદા પાડીને ભંગારમાં વેચી દેતો હતો.




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં પ્રાંતિજ પોલીસ આયોજીત ૨૫મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજની વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજી ટ્રાફિકના નિયમોનો વાહનચાલકો અને નાગરિકોને ખ્યાલ આપવામાં આવ્યો હતો. (તસવીર : સંજય રાવલ)

## શબ્દાવલી - ૫૨૯૦



### આડી ચાવી

૧. સમાચાર, ખબર (૩)
૪. ઊંચા મિનારા જેવું બાંધકામ (૩)
૭. સુંદર હાસ્યવાળી (૪)
૧૦. ટોળું, પાડ, ઉપકાર (૨)
૧૨. ભાણુ, પિરસણ (૪)
૧૩. ઘોડાની પીટ પર નખાતો સામાન (૩)
૧૪. મોટી વાતને ટૂંકમાં કહેવી તે (૨)
૧૬. એક ધાન્ય (૨)
૧૭. મહેમાનગતિ (૫)
૨૦. કેફી દ્રવ્યથી ચડતો કેફ (૨)
૨૨. પંચાંગ (૩)
૨૩. નોકર-દાસ (૩)
૨૪. જુગટુ - ચોપાટ (૨)

### ઊભી ચાવી

૧. આઠ (સંકેત), સૂર્ય આઠ દેવોના મંડળમાનો દરેક (૨)
૩. શાણપણ, ડહાપણું (૪)
૫. લાગવગ, ઓળખાણ (૨)
૬. રણકતો અવાજ (૪)
૮. શ્વેત, ઠંડુ (૨)
૯. હતાશ (૩)
૧૧. વાતચીત, ગપ્પા (૪)
૧૪. શ્રાવણ માસ (૩)
૧૫. સોગઠાબાજીનું મ્હોરું (૩)
૧૮. તેજ, ભપકો (૩)
૧૯. તપ કરનાર સંન્યાસી (૩)
૨૧. લોહી, ખૂન (૩)

### શબ્દાવલી ૫૨૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) નસીબદાર (૨) રવિ (૬) રગ (૭) કથન (૮) હરફ (૧૦) ભાન (૧૧) તવી (૧૨) પલક (૧૩) વાદળ (૧૬) શરમ (૧૭) કલબલ (૨૦) ભાવિક (૨૧) કલરવ (૨૨) કણ

**ઊભી ચાવી :-** (૧) નસીહત (૨) બરફ (૩) દાગ (૪) રથ (૫) વિનવણી (૭) કનક (૯) રવિવાર (૧૦) ભાલ (૧૨) પળ (૧૪) દમ (૧૫) રાબ (૧૬) શતક (૧૭) કવિ (૧૮) લક (૧૯) લસણ (૨૦) ભાવ

# ગુજરાતમાં પ્રથમ વખત ડૉ. ટીના દોશી નારી કથા કરશે

ગાંધીનગર, તા. ૧૭

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના નેજા હેઠળ 'ભારતીય મહિલા વિશ્વકોશ'પર કામ કરતી વખતે ડૉ.ટીના દોશીને નારીકથાનો વિચાર આવ્યો અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલના આશીર્વાદથી આગામી ૬, ૭ અને ૮ માર્ચ ૨૦૧૪ દરમિયાન વલ્લભ વિદ્યાનગર ખાતે વેદથી મહાભારત સુધી સ્ત્રીઓના નોખાં અને બળુકાં વ્યક્તિત્વોની કથા જનસામાન્ય સુધી પહોંચાડવાના એમના વિચારને આકાર મળી રહ્યો છે. સૌપ્રથમવાર નારીકથાનું આયોજન થશે. સીવીએમના 'ભારતીય મહિલા વિશ્વકોશ'ના વિશદ કામને ડૉ.ટીના દોશીએ એકલપંડે હાથ ધરીને પાંચ ખંડમાંથી પ્રથમ ૧૧૦૦ પાનાંનો, વેદથી મહાભારતના સમયગાળામાં સ્ત્રીઓની સ્થિતિનું નિરુપણ કરતો, ગ્રંથ પ્રકાશિત થવા ગયો ત્યારે આ ઐતિહાસિક કામના અંશોને સૌપ્રથમ નારીકથા સ્વરૂપે રજૂ કરવાનું એટલું જ ઈતિહાસસર્જક કામ કરવાની મોકળાશ ચારુતર વિદ્યામંડળે વરિષ્ઠ લેખિકા, સંશોધક અને પત્રકાર એવા ડૉ.ટીના દોશીને બક્ષી છે.

૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. સૌ પ્રથમ નારીકથા યોજવા માટે એટલે જ આગામી ૬,૭ અને ૮ માર્ચની પસંદગી કરાઈ છે. ત્રિદિવસીય નારીકથા રોજેરોજ દોઢ કલાક માટે સાંજના ૪:૦૦ થી ૫:૩૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. નારીકથાના આરંભના પ્રથમ દિવસે (૬ માર્ચે) અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ. એમ.પટેલ રહેશે અને સમારોપ સમારંભ ૮ માર્ચે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ. પટેલના અધ્યક્ષસ્થાને સંપન્ન થશે, એવું સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન 'ભારતીય મહિલા વિશ્વકોશ' પર કામ કરતાં ડૉ.ટીના દોશીને પ્રાચીન કાળની સ્ત્રીઓનાં વ્યક્તિત્વો વિષયક 'નારીકથા' કરવાનો વિચાર આવ્યો. એ કહે છે : ''આ સ્ત્રીઓ બિચારી બાપડી નહોતી. તેઓ શિક્ષિત અને સશક્ત હતી. મારી નારીકથા અત્યારે પ્રચલિત નારીવાદથી પ્રેરાયેલી નથી. એ પુરુષવિરોધી નથી. એ નારીની વેદનાની અને વ્યથાની કથા નથી, નારીની વીરતા અને વિદ્વત્તાની કથા છે. આંસુ અને આક્રોશની કથા નથી, આત્મવિશ્વાસ અને આત્મસન્માનની કથા છે. નારીની પીડા અને પરેશાનીની કથા નથી, નારીની પ્રતિભા અને પરાક્રમની કથા છે. એ નારીના ગૌરવ ને સ્વમાનની કથા છે.''

વેદની રોમશા એ વિશ્વની એવી પ્રથમ સ્ત્રી હતી જેણે સ્ત્રી સ્વતંત્રતા માટે અવાજ ઉઠાવ્યો હતો. તે નારી સ્વાતંત્ર્યની ધ્વજધારિણી હતી. સ્ત્રી સ્વાતંત્ર્યની વિભાવના અમેરિકા અને યુરોપ પાસેથી ઉધાર લેવાઈ નથી, આપણે ત્યાં એ વેદકાળમાં પ્રતિબિંબિત હતી. એ જ રીતે વિશ્પલા અને મુદ્ગલાની વેદકાલીન વીરાંગનાઓ હતી. વિશ્વવારા વિશ્વની પ્રથમ સ્ત્રીપૂજારી હતી.

'મારી નારીકથાની નારીઓ બિચારી બાપડી નથી, એ તો બાહોશ ને બહાદુર નારીઓ છે. અન્યાય અને અત્યાચારનાં રોદણાં રડતી નારીની કથા મારે કરવી નથી, મારી કથા તો સંકટોનો સામનો કરતી સાહસિક નારીઓની કથા છે.' એવું વેદથી મહાભારતકાળ સુધીની સ્ત્રીઓની સ્થિતિનાં અભ્યાસી ડૉ.ટીના દોશી કહે છે.

# દેશનું બેરીયાટ્રીક સર્જરીનું હબ બનવા સજ્જ એશિયન બેરીયાટ્રીકસના અદ્યતન સેન્ટરનો પ્રારંભ

વિશ્વ સ્તરે વેઈટ લૉસ સર્જરી માટે નામાંકિત એશિયન બેરીયાટ્રીકસે મોર્બીડ ઓબેસીટી (અતિશય મેદસ્વીતા)ની અસરકારક અને કાર્યક્ષમ સારવાર માટે ૧૦૦ પથારીની ક્ષમતા ધરાવતું અત્યંત આધુનિક બેરીયાટ્રીક સેન્ટરનો પ્રારંભ કર્યો છે. એશિયન બેરીયાટ્રીક્સનું આ ત્રીજુ સેન્ટર બેરિયાટ્રિક સર્જરી માટેનું સમગ્ર દક્ષિણ એશિયાનું સૌથી મોટું સેન્ટર છે. આ સેન્ટરની વિશેષતામાં અતિશય મેદસ્વીતાના જટીલ કેસની સારવાર તથા ડો. મહેન્દ્ર નરવરીયા, ડો, મનીષ ખેતાન અને ડો. સંજય પટોલીયાની બનેલી બેરીયાટ્રીક સર્જન્સની પ્રસિધ્ધ ટીમના નિષ્ણાત માર્ગદર્શનનો સમાવેશ થાય છે. એક અનોખી સુવિધા તરીકે આ સેન્ટરમાં ૨૪ કલાકના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૩૦૦૨૩૦૦૨ની સગવડ ઉપલબ્ધ બનાવાઈ છે, જેનું સંચાલન આ ક્ષેત્રના તાલિમબધ્ધ કન્સલટન્ટસ કરશે અને પૂછપરછ દરમ્યાન તથા ઓપરેશન પછીના તબક્કામાં દર્દીઓને આ નંબર દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવશે.

પ્રસિધ્ધ બેરીયાટ્રીક સર્જન અને એશિયન બેરીયાટ્રીક્સના ડીરેકટર ડો. મહેન્દ્ર નરવરીયાએ આ નવા સેન્ટર અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ''અતિ આધુનિક તબીબ સુવિધાઓના આ યુગમાં, દેશમાં માત્ર મેદસ્વીતા અને તેને સંબંધીત સમસ્યાઓની સારવાર ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરતી સુવિધાઓનો અભાવ વર્તાય છે. એશિયન બેટીયાટ્રીક્સનું નવું સેન્ટર આ ક્ષેત્રે સોથી મોટી સુવિધા બનીને વજન ઘટાડવા માટે થતી શસ્ત્રક્રિયાઓ તથા તેને સંબંધીત સારવારના ક્ષેત્રમાં એક નવું સિમાચિહ્ન કાયમ કરશે. એશિયન બેરીયાટ્રીકસમાં અમે વિશ્વ સ્તરે ઉપલબ્ધ આધુનિક સારવાર સ્થાનિક દર્દીઓ માટે પણ ઉપલબ્ધ બને તેની પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ અને અમદાવાદમાં શરૂ કરાયેલું નવું સેન્ટર પણ આ જ હેતુથી સ્થાપવામાં આવ્યું છે.'' આ સેન્ટરમાં દર્દીઓ દાખલ થાય, સર્જરી કરાવે અને તે પછી રિકવરી થાય ત્યાં સુધીના તમામ તબક્કા દરમિયાન અસરકાર સારવાર આપવા માંટેની સુવિધા ઉપલબ્ધ છે. એશિયન બેરીયાટ્રીક્સ ખાતે અપનાવાતા સર્વગ્રાહી અભિગમને કારણે દર્દીઓની તબીયત સંપૂર્ણ સારી થઈ જાય ત્યાં સુધી તેમને તમામ સહાય કરવામાં આવે છે.

### કોંગ્રેસ પક્ષ નહીં ... ● પહેલા પાનું ચાલુ

ત્યારબાદ હિન્દીમાં અને છેવટે ફરી અંગ્રેજીમાં ભાષણ આપ્યુ હતુ. મંચ પર વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. રાહુલે કહ્યુ હતુ કે અમને સબસિડીવાળા નવ નહીં બલકે ૧૨ સિલિન્ડરોની જરૂર છે. અમારી સામે ઘણા પડકારો રહેલા છે. કોંગ્રેસ પાર્ટી ચોક્કસપણે જીત મેળવશે. અમારા સાંસદો જ વડાપ્રધાનની પસંદગી કરશે. જ્યાં સુધી વડાપ્રધાનની વાત છે વડાપ્રધાનની પસંદગી લોકો દ્વારા ચૂંટી કાઢવામાં આવેલા સાંસદો કરે છે. અમારા સાંસદો જ વડાપ્રધાનની પસંદગી કરે છે. લોકશાહી કોઈ એક વ્યક્તિથી ચાલતી નથી. વિરોધ પક્ષો કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરી રહ્યા છે પરંતુ કોંગ્રેસ પાર્ટી કોઈ એક પાર્ટી નહીં બલકે એક વિચારધારા છે જેને કોઈ પણ બદલી શકે નહીં. કોંગ્રેસ પાર્ટીને કોઈ પણ ખતમ કરી શકે તેવી સ્થિતિમાં નથી. રાહુલે એમ પણ કહ્યુ હતુકે તેઓ કોંગ્રેસ શાસિત રાજ્યો પૈકી અડધાથી વધુ રાજ્યોમાં મહિલા મુખ્યમંત્રી જોવા ઈચ્છે છે. કાર્યકરોને પૂછીને ઉમેદવારો ઉભા રાખવાની પણ તેઓએ વાત કરી હતી. એઆઈસીસીની બેઠકમાં રાહુલે તેમના આક્રમક અંદાજમાં નિવેદન કર્યુ હતુ. રાહુલે કહ્યુ હતુ કે સરકારે સામાન્ય લોકોના પૈસા તેમના ખિસ્સા સુધી પહોંચાડ્યા છે. મનમોહનસિંહે છેલ્લા ૧૦ વર્ષમાં શાનદાર કામ કર્યુ છે. કોઈએ પણ આ સરકાર પર દબાણ લાવ્યુ નથી. આરટીઆઈ માટે, રાઈટ ટુ ફુડ માટે દબાણ લવાયુ નથી.

### બિમારીથી પિડાય છે... ● પહેલા પાનું ચાલુ

શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન બાળરોગથી પીડાતા બાળકોની સંખ્યા વધુ જણાઈ છે અને આવા બાળકો પૈકી ૨૫૦ જેટલા બાળકોની નિષ્ણાતો દ્વારા તપાસ પણ પૂર્ણ થઈ ગઈ છે. જો કે એકાદ સપ્તાહમાં સમગ્ર કાર્યક્રમ સંપન્ન થતાં આખરી અહેવાલ તૈયાર થશે જેમાં વધુ કેટલીક ચોંકાવનારી હકીકતો બહાર આવશે તેમ મનાઈ રહ્યું છે. બાળરોગથી પીડાતા બાળકો પછી નાક-કાન ગળાના રોગથી પીડાતા બાળકોનો ક્રમ આવે છે. જેમાં ૧૦૦ જેટલા બાળકો આ રોગથી પીડાતા જણાયા હતા. આંખ, ચામડી અને દાંતના રોગથી પીડાતા બાળકોની સંખ્યા પણ ૧૦૦નો આંક પાર કરી ગઈ છે. આમ ગાંધીનગર જિલ્લાનું બાળપણ બિમારીના વ્યમળમાં અટવાયેલું જોવા મળી રહ્યું છે. બાળકોમાં પણ આયર્નની ઉણપ જોવા મળી છે જે સૌથી વધુ ચિંતાજનક છે.

### પોલિયો અભિયાન ... ● પહેલા પાનું ચાલુ

ગત વર્ષે ૪૬ જેટલી મોબાઈલ ટીમો હતી જ્યારે આ વર્ષે આ સંખ્યા વધારીને ૭૯ કરવામાં આવી છે. જિલ્લામાં બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન સાઈટો અને ઈંટોના ભઠ્ઠાને હાઈરિસ્ક ઝોનમાં ગણવામાં આવ્યા છે. આ હાઈરિસ્ક વિસ્તારો માટે ખાસ મોનીટરોની નિમણુંક કરી પલ્સ પોલિયો અભિયાનનું વિશેષ મોનીટરીંગ કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રસી પીવડાવ્યા બાદ બાળકના જમણા હાથની ટચલી આંગણી પર માર્કર પેનથી ખાસ નિશાની કરવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લામાં અભિયાનના મોનીટરીંગ માટે ખાસ લાયઝન અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લામાં ઉભા કરવામાં આવનાર બુથ પર ૩૨૯૫ કર્મચારીઓને ફરજ પર મુકવામાં આવ્યા છે. જ્યારે ૧૭૨ બુથ સુપરવાઈઝરોની પણ નિમણુંક કરવામાં આવી છે. પલ્સ પોલિયો અભિયાનને સફળ બનાવવા માટે તંત્રએ તેની તૈયારીઓ લગભગ પૂર્ણ કરી લીધી છે.

### કેન્દ્રો નિયત કરાયા ... ● ત્રીજા પાનું ચાલુ

સે-૨૪ સરકારી દવાખાનું, -નથમિક શાળા, ઈન્દિરાનગર છાપરા, સે-૨૪ કેટેગરી આંગણવાડી ( ટેલીફોન કોલોની સામે), વિવેકાનંદ સ્કુલ, પોસ્ટ કોલોની, ડબલ ડેકર, સે-૨૫ માતંગી સ્કુલ, સે-૨૫ ૧૮૯/૧, સૂર્ય નારાયણ સોસાયટી, સે-૨૬ યશ મેડિકલ સ્ટોર્સ, ૬૯૪/૧- કિસાન નગર, ગ્રીનસીટી- સી/૨૪ કમલભાઈ જૈનનું ઘર, જય-કાશ સ્કુલ, કે-૧૫૮, ન્યુ ગ્રીનસીટી, સે-૨૭ એસઆરપી દવાખાનું, -નથમિક શાળા, શિવ શક્તિ મંદિર, સે-૨૮ સરકારી દવાખાનું, સે-૨૮/૨ -નથમિક શાળા, સે-૨૯ સરકારી દવાખાનું, -નથમિક શાળા, ે-સ છાપરા આંગણવાડી, મસ્જિદ, સે-૩૦ સરકારી દવાખાનું, -નથમિક શાળા, સુવિધા કચેરી, ઝુલેલાલ મંદિર, જી.ઈ.બી દવાખાનું, જી.ઈ.બી ગુરૂકુલ ખાતે પલ્સ પોલિયાના બે ટીપા પીવડાડવામાં આવશે.

### મેટ્રો ટ્રેનનું ... ● છેલ્લા પાનાનું ચાલુ

ટ્રેન પસાર થશે તેવું કહી ગૌરવથી છાતી ફુલાવતા શહેરીજનોમાં આ બાબતે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર ભલે ગુજરાતનું પાટનગર કહેવાતું હોય પરંતુ તેની સ્થાપનાથી જ તેની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. અહીંથી માત્ર વિકાસની વાતો જ કરવામાં આવે છે. વિકાસ થતો નથી. શ્રેષ્ઠ સુવિધાઓ આપવાની વાતો માત્ર કાગળ પર જ જોવા મળે છે. અમદાવાદ જેવા મેટ્રો સિટીનો ઝડપથી વિકાસ કરવાની ઘેલછામાં પાટનગર ભુલાયું છે. જાહેર પરિવહન માટે માત્ર ખોડંગાતી એસ.ટી.ની શહેરી સર્વિસ જ ઉપલબ્ધ છે. તે પણ મોટા ભાગે અમદાવાદથી અપડાઉન કરતા સરકારી કર્મચારીઓ-અધિકારીઓ માટેની સેવામાં જ વ્યસ્ત રહે છે. ગાંધીનગરમાં વસતા મધ્યમવર્ગીય લોકોની જાણે કોઈને કંઈ પડી નથી. શહેરી સર્વિસની બસો એટલી અનિયમિત છે કે વસાહતીઓ હવે તેનાથી ટેવાઈ ગયા છે. ટ્રેનની નામ પૂરતી સુવિધા વસાહતીઓએ લડીલડીને શરુ કરાવી છે. અમદાવાદમાં બીઆરટીએસ બસ શરુ થઈ ત્યારે પણ એવી વાતો કરવામાં આવી હતી કે ગાંધીનગર સુધી બીઆરટીએસ બસની સુવિધા ઉપલબ્ધ થશે. તે યોજના ઘણા સમય પહેલા પડતી મુકાઈ હતી. હવે મેટ્રો ટ્રેન યોજના પડતી મુકાતા ગાંધીનગરના વિકાસ પર મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. ગાંધીનગરને હાંસિયામાં ધકેલી દેવાયું હોય તેવો અહેસાસ વસાહતીઓને થઈ રહ્યો છે.

**નામ બદલેલ છે**

આથી જણાવવાનું કે અમારું જુનું નામ MALEK SULTANKHA ALAMKHA બદલીને નવું નામ MALEK SULTANKHAN ALAMKHAN રાખેલ છે.